સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બે ઘડીનો આનંદ ઘરનું અંગ થઈ ગયો !
પડી રેડ, રમ્યા જુગાર ને જંગ થઈ ગયો !
ભંગ થયો દૂરી,એકસો ચુમાલીસ - એકાંતનો -
તંગ વડીલ રહેરો, કાયદો ભંગ થઈ ગયો !
(કાલ્પનિક હાસ્ય કાવ્ય - ઘરમાં સાત સભ્યોનો ચિલ્લરથી જુગાર)

હાઈકુ

ઢંકાઈ ગયા !
લ્યો ! વાસ્તવિક રીતે -
દંભી ચહેરા...
(માસ્ક ફરજીયાત)

માર છે મૂઢ,
કોથળે પાંચ શેરી -
ચીસ ન બૂમ...
(કડક રીતે શિસ્ત પાલન)

ચિંતન

ઉપાર્જિતાનાં વિત્તાનો ત્યાગ એવહિ રક્ષણમ્ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

સમાજકલ્યાણનાં કાર્યોમાં ધનનું દાન આપવું એ એની સુરક્ષાનો, એની સલામતીનો સાચો અને યોગ્ય પ્રબંધ છે. કારણ કે ત્યાગ મૃત્યુ પછી સાથે આવે છે અને બાકીનું બધું અહીં રહી જાય છે.

ધનનો ત્યાગ ન કરવાથી એ બુરાઈઓ પેદા કરે છે. અને એ બુરાઈઓ દૂષણો જ વ્યક્તિનો નાશ કરે છે. ધનની ત્રણ ગતિ છે : દાન, ભોગ અને નાશ. દાન (ત્યાગ) એ સૌથી ઉત્તમ ગતિ છે. પોતાની આવશ્યકતા માટે ખર્ચ કરવો એ ભોગ છે. પરંતુ કંજૂસની જેમ દાન અને ભોગ બંનેમાંથી કશું જ ન કરવાથી ધનનો નાશ થાય છે.

સુવિચાર

- ઉઠો તો એસે ઉઠો, કિ ફક હો બુલંદી કો, ઝુકો તો એસે ઝુકો કિ, બંદગી ભી નાઝ કરે - **રાજેષ રેડ્ડી**
- વ્યક્તિ પાસે અપેક્ષા એમની પાત્રતા જોઈને રાખવી જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સદ્‌ગુણ ફાટેલાં કપડામાં પણ તેટલાં જ ચમકે છે જેટલાં સૂટ-બૂટમાં - **બોધિવૃક્ષ**
- 'સારો' શબ્દ 'સર્વશ્રેષ્ઠ' નો દુશ્મન છે, તમે 'સારા'થી ચલાવી લેશો તો કદીયે 'સર્વશ્રેષ્ઠ' નહીં બની શકો - **જીવન સંકલ્પ**
- ભગવાને આપણને સ્મૃતિ જૂનું વેદ યાદ રાખવા નહીં, પણ પાનખરમાં પણ ગુલાબની સુગંધ યાદ રાખવા માટે આપી છે - **ચિત્રલેખા**
- નડતર વગરના રસ્તાઓ તો ધારો એટલા શોધી શકો, પરંતુ અફસોસ એટલો જ છે કે આવા મુશઅકેલી વગરના માર્ગ કોઈ મંઝિલ સુધી જતા જ નથી - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : ધાણાજીરુ સાથે જવનો લોટની પેસ્ટ બનાવી લેપ કરવાથી સોજા ઉતરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જયોર્જ બર્નાડ શૉ સરળ અને મિલનસાર સ્વભાવના વ્યક્તિ હતા. તેમનું હાજરજવાબી પણું પણ કાબિલેદાદ હતું. એકવાર તેઓ યુનિવર્સિટીના સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે ગયા હતા. એમને યુવાનોને પ્રેરણાદાયક વકતવ્ય આપ્યું. કાર્યક્રમ સમાપ્ત થયા પછી સ્નાતક વિદ્યાર્થીઓ એમને ઘેરી વળ્યા. અને એમના ઓટોગ્રાફ લેવા માટે પડાપડી થવા લાગી. એ ભીડમાં એક નવયુવાન પણ હતો. એણે ઓટોગ્રાફ માટે પોતાની ડાયરી શૉને આપતા કહ્યું, 'સર, મને સાહિત્યનો ખૂબ શોખ છે, મેં આપના દરેક પુસ્તક વાંચ્યા છે. આપ મારા સૌથી પ્રિય લેખક છો. હું મારા અત્યાર સુધીના જીવનમાં પોતાની કોઈ વિશેષ ઓળખાણ નથી બનાવી શક્યો. હું શું કરું ? કે હું પણ આપની જેમ મહાન બની જઉં ? મારું માર્ગદર્શન કરો અને મને કોઈ એવો સંદેશો આપીને તમારા ઓટોગ્રાફ આપો.' બર્નાડ શૉ યુવાનની વાત પણ મરકયા. પછી યુવાનની ડાયરીમાં સંદેશો લખી, ઓટોગ્રાફ પણ આપ્યા. યુવાને એ સંદેશો વાચ્યો તો તે આશ્ચર્યચકિત થઈ ગયો. શૉએ લખ્યું હતું, 'ડીયર, પોતાનો કિંમતી સમય બીજા લોકોના ઓટોગ્રાફ લેવામાં વેડફશો નહીં, ખુદને એ યોગ્ય બનાવો કે બીજા લોકો તમારો ઓટોગ્રાફ લેવા પડાપડી કરે. પોતાની અલગ ઓળખાણ બનાવવા માટે દરેક ક્ષણે મહેનત અને સંઘર્ષ કરવો જરૂરી છે.' યુવાને તરત શૉનો આભાર માનતા કહ્યું, 'સર હું આપનો સંદેશો જીવનભર યાદ રાખીશ.' શૉ એ પણ યુવાનની પીઠ થાબડી શુભકામનાઓ આપી.

સારવાર સંદર્ભે વિવાદ નિરર્થક છે

તંત્રીસ્થાનેથી...

કોરોનાનું જોર ઘટવાને બદલે વધતું જાય છે છતાં કેન્દ્ર સરકારનો આરોગ્ય વિભાગ એવું આશ્વાસન લે છે કે 'સમયસર' લોકડાઉનના આદેશ કરાયા એથી પ્રમાણમાં સ્થિતિ ઘણી નિયંત્રણમાં રહી શકી છે. બીજા દેશોની જેમ અહીં લાશોના ઢગ નથી ખડકાયા તે હકીકત છે, પરંત સાથે જ 'સોશિયલ ડિસ્ટંસિંગ' ના આદેશો માત્ર કાગળ ઉપર રહેતા હોય એવાં દેશ્યો પણ કયારેક દહેગામથી લઈ રાજકોટ, બ્રાંદ્રા, સુરત અને અન્ય સ્થળોએ સરજાતાં રહ્યાં છે. આથી લોકડાઉનના જે સંભવિત લાભ મળવાની શક્યતા હોય તે ઘટે છે. અર્થતંત્રને તૂટતું બચાવવા અને ભૂખમરો અટકાવવા સરકાર મર્યાદિત ક્ષેત્રોમાં કામકાજ શરુ કરાવશે ત્યારે પણ આ પ્રશ્ન તો ઊભો જ રહેવાનો. સરકાર હજી એવું આશ્વાસન લેતી રહે છે કે આપણા દેશમાં લોકલ ટ્રાંસમિશનનો તબક્કો શરૂ થયો જ નથી. જે સંક્રમિત વિસ્તારો છે એમને કલસ્ટર કલાસીફાય કરી ત્યાં અવરજવર રોકવા માટે પોલીસતંત્ર રાત દિવસ ખડેપગે મહેતન કરે છે. દેશનાં છ મેટ્રો - મહાનગરો ઉપરાંત અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટાં શહેરો પર ચાંપતી નજર રખાઈ રહી છે. અમદાવાદ રોજેરોજ વધુને વધુ મોટી સંખ્યામાં સંક્રમણનું ભરણું ભરતું રહે છે. શહેરના કોટ વિસ્તાર ઉપરાંત પશ્ચિમ અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યું છે. પોલીસવડા શિવાનંદ ઝા રોજે રોજ કડક ભાષામાં લોકડાઉનના અમલ માટેના અને અમલ નહીં કરનારાઓને સજા કરવાના હુકમ આપતા રહે છે.

આટલી તકેદારી છતાં ગુજરાતમાં કોરોના ૨૩ જિલ્લાઓ સુધી પહોંચી ગયેલ છે. મૃત્યુનો આંક પણ વધતો જાય છે. તબલીઘી જમાત અને સુરા જમાતના લોકોને શોધવા પોલીસ તંત્ર આકાશપાતાળ એક કરી દઈ ઈન્ફેકશનને ફેલાતું અટકાવવા માટેના ઈમાનદાર પ્રયાસો કર્યા છે. કોવિડ હોસ્પિટલ ખાતે ધર્મ આધારિત અલગ અલગ વ્યવસ્થા કરાઈ હોવાની બાબતે હોબાળો સરજાયો છે. જેની નોંધ છેક આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાઈ છે. આરોગ્ય ખાતું દર્દીઓની બીમારી વિષયક પરિસ્થિતિ મુજબ બેડ ફાળવાયા હોવાનો ખુલાસો કરે છે, પરંતુ કદાચ દરદીઓની અનુકૂળતા ખાતર ધર્મ આધારિત વ્યવસ્થા કરાઈ હોય તો પણ એમાં વિવાદ કરવાનો કોઈ અર્થ નથી. મુદ્દો એવા દરદીઓ પૂરતી સારવાર મળી રહે છે કે કેમ, એટલો જ હોવો જોઈએ. આવી વિવાદાસ્પદ ચર્ચા ઊભી કરવાથી દરદીઓને કશો જ લાભ નથી થવાનો. પરંતુ કેટલાક વધુ શાણા પત્રકારો આવાં છિદ્રો શોધી કાઢીને વાતનું વતેસર કરવામાં જ એમના પત્રકારત્વનું શ્રેય માને છે. પોલીસ વડા શિવાનંદ ઝાએ તો ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા સામે પણ ગુનો નોંધવાની રજૂઆત કરી છે. જયારે તેઓ તાવથી પીડાતા હતા અને ટેસ્ટિંગ માટે સ્વૉબ આપી ચૂક્યા હતા ત્યારો મુખ્યમંત્રીનું નિમંત્રણ હોય તો પણ એમને રૂબરૂ આવતાં ખુદ મુખ્યમંત્રીને સેલ્ફ આઈસોલેશનમાં જવાની ફરજ પડી છે. જવાબદાર નાગરિક કોને કહેવાય તે જો ધારાસભ્ય કક્ષાના માણસને શીખવવું પડે તો લોકશાહીની એ વિડંબના જ ગણાય.

અથર્વવેદમાં આરોગ્ય



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

સાતમી એપ્રિલ વિશ્વ આરોગ્ય દિવસ હતો. ભારતમાં આરોગ્ય વિષેની સભાનતા છેક વૈદિક યુગથી છે. અથર્વવેદ જનસામાન્યનો વેદ છે. એમાં આરોગ્યને લગતા સૂકતો છે. જેમ કે શ્વેતકુષ્ઠ - સફેદ કોઢ : ૧-૨૪. તક્મ - તાવ, જવર : ૧-૨૫, ૫-૨૨, ૬-૨૦. આમાંથી ઉદાહરણ રુપે એક સૂક્ત અહીં આપ્યું છે.

સૂક્તનું નામ છે - જવરનાશનમ્ - આમાં ચાર મંત્રો છે.

આના પ્રણેતા, દ્રષ્ટા છે - ભૃગુવંશના બ્રહ્મર્ષિ ઐગિરા.

આ સૂક્ત (૧-૨૫) ના દેવતા અગ્નિ છે.

આ સૂક્તમાં ચાર મંત્રો છે; એમાંથી બીજા અને ત્રીજા મંત્રની બીજી પંક્તિ એક સરખી છે. સારાંશ આ પ્રમાણે છે :

(૧) આ શરીર વાત, પિત્ત અને કફ - ત્રણ ધાતુઓ ધારણ કરે છે. આ ધાતુઓ સમભાગે હોય, એટલે શરીર બધાં કાર્યો કરી શકે છે. પરંતુ હે જવર! તું એમાં પ્રવેશ કરે છે. અગ્નિનું રુપ લઈ લે છે, પણ જીવનસત્ત્વને બાળી નાખે છે. એટલે જ, તને વિનંતી છે કે તું અમને છોડી દે, હે જવર !

(૨) તારામાં ઉષ્ણતા છે. શરીરને તું તપાવે છે, અંગે અંગમાં તું ફેલાઈ જાય છો. તું શરીરને કંપાવે છે, દેહની કાંતિ પાંદુર કરી નાખે છે. શરીર ફીક્કું થઈ જાય છે. તું આ રીતે પાંડુરતાનો દેવ છો. અમારી આ પરિસ્થિતિને તું જાણે છે. એટલા માટે તને વિનંતી કરવી છે કે તું અમને છોડી દે. હે જવર!

(૩) પહેલાં તું શરીરને અંદરથી તપાવે છે. પછી આ તાપ સમગ્ર શરીરમાં ફેલાઈ જાય છે. ખરેખર તો તું રાજા વરુણનો પુત્ર છે. વરુણ રાજા વરસાદના દેવ છે. આ ઋતુમાં જવર વધુ પ્રગટે છે અને પ્રસરે છે. બીજી રીતે પણ તું વરુણ રાજાનો પુત્ર છે. વરુણ રાજા યમનિયમના દેવ છે. મનુષ્ય આહારવિહારના નિયમો પાળતો નથી. તેથી જવર પ્રગટે છે અને પ્રસરે છે. શરીરમાં ધ્રૂજારી થાય છે. શરીર ફિક્કું પડી જાય છે. તને અમારી આ બધી પરિસ્થિતિની જાણ છે - તેથી વિનંતી છે કે તું અમને છોડી દે, હે જવર !

(૪) અમે આ પરિસ્થિતિથી અકળાઈએ છઈએ. આથી તને પ્રણામ કરવા સારાં. તું કોઈ પણ સ્વરુપમાં હો, તને પ્રણામ કરવા છે. તું શીત જવર હો - ટાઢિયો તાવ હો; તને નમન. તું પિત્તના પ્રકોપને કારણે થતો અને શરીરને સૂકવી નાખતો રુક્ષ જવર હો - તો પણ તને પ્રણામ. તું નિત્ય જવર હો - રોજેરોજ આવતો હો, કે દર બીજે દિવસે આવતો એકાંતરિયો તાવ હો, કે દર ત્રીજે દિવસે આવતો તરિયો તાવ હો, કે દર ચોથે દિવસે આવતો ચોથિયો તાવ હો; - હે જવર! તને પ્રમાણ કરીએ છીએ.

આ સૂક્તનો જવરના નામ માટે, તવ જતો રહે એ માટે કઈ રીતે ઉપયોગ કરવો; એની સ્પષ્ટતા દારિલ અને કેશવ - બે ભાષ્યકારોએ કરી છે. કુહાડીને અગ્નિમાં તપાવવી, ત્યાર પછી ગરમ પાણી લેવું, કુહાડીને એમાં ઝબોળવી અને પછી રોગી ઉપર એનાથી અભિષેક કરવો. આ અભિષેક વખતે આ સૂક્તનો પાઠ કરવો. કોઈ પણ પ્રકારના જવર માટે આ ઉપચાર છે.

વિશ્વના મોટાભાગના ધર્મોનો ઉદય કયાં ખંડમાં થયો?

ખજાનો
અનિલ પટેલ

વિશ્વની ભૂગોળ

૧ એશિયાનો સૌથી મોટો ટાપુ કયો છે ?
(અ) બોર્નિયો (બ) સિસિલી
(ક) મોરેશિયશ (ડ) વેનિશ

૨ પૂર્વમાં આવેલ એકમાત્ર ખ્રિસ્તી રાષ્ટ્ર કયું છે ?
(અ) ઈન્ડોનેશિયા (બ) સિંગાપોર
(ક) ફિલીપાઈન્સ (ડ) મલેશિયા

૩ ઈસ્લામિક દેશોમાં સૌથી મોટો દેશ કયો છે ?
(અ) બાંગ્લાદેશ (બ) પાકિસ્તાન
(ક) ઈરાક (ડ) ઈન્ડોનેશિયા

૪ યુરોપની સૌથી લાંબી નદી કઈ છે ?
(અ) નાઈલ (બ) એમેઝોન
(ક) વોલ્ગો (ડ) ડાન્યુબ

૫ કયા અરબ પ્રદેશમાં રણ પ્રદેશ નથી?
(અ) ઈરાન (બ) ઈરાક
(ક) સિરીયા (ડ) લેબનોન

૬ વિશ્વના મોટાભાગના ધર્મોનો ઉદય કયાં ખંડમાં થયો ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) એશિયા
(ક) યુરોપ (ડ) અમેરિકા

૭ ચાંદીનું સૌથી વધુ ઉત્પાદન કયા દેશમાં થાય છે ?
(અ) પેરુ (બ) ન્યુઝીલેન્ડ
(ક) મોંગોલોયિા (ડ) દ. અમેરિકા

૮ ગ્રેટ સેન્ડી રણ કયાં આવેલું છે ?
(અ) ભારત (બ) પાકિસ્તાન
(ક) ઈરાક (ડ) ઓસ્ટ્રેલિયા

૯ કયો દેશ સૌથી વધુ રબરનું ઉત્પાદન કરે છે ?
(અ) મલેશિયા (બ) ઈન્ડોનેશિયા
(ક) સિંગાપુર (ડ) થાઈલેન્ડ

૧૦ નિપ્પન કયા દેશનું પ્રાચીન નામ છે ?
(અ) વિયેતનામ (બ) કોરિયા
(ક) જાપાન (ડ) બર્મા

૧૧ સૌથી વધુ દેશો કયા ખંડમાં આવેલા છે ?
(અ) અમેરિકા (બ) આફ્રિકા
(ક) યુરોપ (ડ) એશિયા

૧૨ ડાલિંગ નદી કયા દેશમાં આવેલી છે ?
(અ) થાઈલેન્ડ (બ) ઓસ્ટ્રેલિયા
(ક) સિંગાપોર (ડ) ઈન્ડોનેશિયા

૧૩ સિસ્મોલોજી શબ્દ કોને સંબંધિત છે ?
(અ) વાવાઝોડું (બ) જવાળામુખી
(ક) ધરતીકંપ (ડ) કુદરતી આપત્તિ

૧૪ પ્રખ્યાત થારનું રણ કયા ખંડમાં આવેલ છે ?
(અ) આફ્રિકા (બ) એશિયા
(ક) અમેરિકા (ડ) ઓસ્ટ્રેલિયા

૧૫ નાયગ્રાનો ધોધ કઈ નદી પર આવેલો છે ?
(અ) સેન્ટ લોરેન્સ (બ) વોલ્ગા
(ક) રાયન (ડ) નાઈલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૧૭ એપ્રિલ : વિશ્વ હિમોફોબીયા દિવસ**
  - વિશ્વમાં સૌપ્રથમ મહીલા વડાપ્રધાન એવા શ્રીલંકાના સિરિમાવો ભંડારાનાયકનો જન્મદિવસ (૧૯૧૬)
  - સાહિત્યકાર વિજયરાય કલ્યાણરાય વૈદ્યનું નિધન (૧૯૭૪)
  - શેખ મુજીબુરહેમાનના નેતૃત્વમાં સ્વતંત્ર બાંગ્લાદેશની રચના થઈ (૧૯૭૧)
  - ભારતના બીજા રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણનનું નિધન થયું (૧૯૭૫)
- **૧૮ એપ્રિલ : વિશ્વ વારસા દિવસ**
  - ઉત્ક્રાંતિવાદના પ્રણેતા ચાર્લ્સ ડાર્વિનનું નિધન (૧૮૮૨)
  - ઈતિહાસકાર ડૉ. પાંડુરંગ વામનું નિધન (૧૯૭૨)
  - ધોંડો કેશવ કર્વેની જન્મજયંતિ (૧૮૫૮)
  - મિસ યંગ ઈન્ડિયા બનનાર ફિલ્મ અભિનેત્રી પુનમ ધિલ્લોનનો જન્મદિવસ (૧૯૬૨)
- **૧૯ એપ્રિલ :**
  - પદ્મભૂષણ સન્માનિત કેળવણીકાર તારાબેન મોડકનો જન્મદિવસ (૧૮૯૨)
  - મહાન શિક્ષણશાસ્ત્રી અને લાલા લજપતરાયના દિક્ષામિત્ર એવા લાલા હંસરાજનો જન્મદિવસ (૧૮૬૧)
  - ટેનિસ પ્લેયર મારિયા શારાપોવાનો જન્મદિવસ (૧૯૮૭)
  - રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીનો જન્મદિવસ (૧૯૫૭)
- **૨૦ એપ્રિલ :**
  - બાંસુરી વાદક પન્નાલાલ ઘોષનું નિધન (૧૯૬૦)
  - જર્મનીના સરમુખ્યાર એડોલ્ફ હિટલરનો જન્મદિવસ (૧૮૮૯)
  - શ્રીલંકામાં તમિલ વિદ્રોહીઓએ એક જ સમુદાયના ૧૨૨ લોકોની હત્યા કરી (૧૯૮૭)
  - લુઈ પાશ્ચર અને કલોન બર્નાડે પ્રથમ પેશ્યુરાઈઝેશન ટેસ્ટ પુરો કર્યો. (૧૮૬૨)
- **૨૧ એપ્રિલ : રાજીવ ગાંધીની પુણ્યતિથિ**
  - અવરેસ્ટ શિખર પર ચડનાર પર્વતારોહક મોરિસ વિલ્સનનો જન્મદિવસ (૧૮૯૮)
  - ભારતના હ્યુમન કોમ્પ્યુટર તરીકે જાણીતા શકુંતલાદેવીનું નિધન (૨૦૧૩)
  - ઈબ્રાહીમ લોદી અને બાબર વચ્ચે પાણીપતમાં પ્રથમ યુદ્ધ થયું (૧૫૨૬)
  - ભારત અને નેપાળ વચ્ચે મનીઓર્ડર સેવા શરુ થઈ (૧૯૩૭)
- **૨૨ એપ્રિલ : અર્થ ડે**
  - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પ્રપૌત્ર આઈએએસ ગોપાલકૃષ્ણ ગાંધીનો જન્મદિવસ (૧૯૪૫)
  - દેશસેવા માટે સુભાષચંદ્ર બોઝે ભારતીય સિવિલ સેવામાંથી રાજીનામું આપ્યું (૧૯૧૪)
  - એડમિરલ આર ડી કટારી નૌકાદળના પ્રથમ પ્રમુખ બન્યા (૧૯૫૮)
  - સ્વામી સચ્ચિદાનંદનો જન્મદિવસ (૧૯૩૨)
- **૨૩ એપ્રિલ : આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ**
  - વિશ્વ પ્રસિદ્ધ સાહિત્યકાર વિલિયમ શેક્સપિયરનું નિધન (૧૯૧૬)
  - વિશ્વના મહાન કવિઓમાં જેમની ગણના થાય છે તેવા બ્રિટનના વિલિયમ વર્ડઝવર્થનું નિધન (૧૮૫૦)
  - અમેરિકા સ્થિત ગુજરાતીઓમાં મોટું નામ ગણાતા અભિનેતા અને સિવિલ સર્વન્ટ કલ્પેન સુરેશ મોદીનો જન્મદિવસ (૧૯૭૭)

ગત સપ્તાહના સવાલનો જવાબ

'રોમીયો અને જુલીયટ' કૃતિ કયા વિશ્વ પ્રસિદ્ધ સાહિત્યકારનું સર્જન છે ? જવાબ : વિલિયમ શેક્સપિયર

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મહેશ એમ જાદવ : રાયસણ (૩) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) મિત પટેલ :સે-૨૩

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

વિશ્વ પ્રસિદ્ધ મુંબઈ ખાતે આવેલ હોટલ તાજના માલિક કોણ છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ભવિષ્યમાં બાળક સાથે રહેવું હોય તો આજે બાળક સાથે રહો

રંગ-ઉમંગ
કાનન ઓઝા

આપણે બાળકોને નાનપણમાં સત્યવાદી હરીચંદ્ર કે નચિકેત કે લવગુશ જેવી વાર્તાઓ સંભળાવીએ છીએ, જયારે પરદેશમાં આવા કોઈ પાત્રો થયા જ નથી. જેથી નાનપણમાં નૈતિકતાના પાઠ શીખવવા માટેનું વિષયવસ્તુ જ તેમની પાસે નથી. આજના કળિયુગમાં પણ હજારો લોકો આપણે ત્યાં એવાં છે કે જે દિવસમાં એનક વાર ભગવાનના સોગંધ ખાય છે, અંતે તેની વતાને સાચી માનવામાં આવે છે. જે ભગવાન પરની શ્રદ્ધા સૂચવે છે. જેમાં આપણામાં રહેલા ધાર્મિક મૂલ્યો ડોકાઈ આવે છે.

આપણે જે શાંતિથી, સુખરુપે, પૂર્ણ સામાજિક બનીને જીવીએ છીએ તેનું કારણ આપણામાં પડેલા આપણા ભારતીય મૂલ્યોન કારણે. પણ દુઃખ સાથે અને પોતાને વાસ્તવવાદી તેમજ આધુનિક માનતા લોકોને ચેતવવા કહેવું પડશે કે, આજે દિનપ્રતિદિન આપણા વારસા સમાન મૂલ્યો સંસ્કાર આપણે ભૂલતા જઈએ છીએ. ભૂલીએ છીએ એટલું જ નહીં, પણ આપણા બાળકોને પણ આપણે તે મૂલ્યો આપતા નથી. કે તે મૂલ્યોથી આપણે બાળકોને દૂર જ રાખીએ છીએ.

આજે વૃદ્ધાશ્રમની સંખ્યામાં થતો વધારો કે વિભક્ત કુટુંબની સંખ્યામાં થતો વધારો કે કુમળી વયે શરાબ કે સિગારેટનું કરવામાં આવતું સેવન કે બળાત્કારના વધતા કિસ્સાઓ વગેરે જેવી અનેક બાબતો આપણા ધોવાતા મૂલ્યોને પ્રદર્શિત કરે છે.

સમાજમાં ધોવાતા મૂલ્યોના એક કરતાં વધુ કારણ હશે, પણ એક મુખ્ય કારણ એ છે કે, આજના મા-બાપ બંને પોતાના વ્યક્તિત્વમાં એટલા તો ખોવાઈ ગયા છે કે જેને કારણે તેમની ફરજ કે ભૂમિકાને તેઓ ભૂલી ગયા છે. ઉપરાંત દુનિયા નાની બની ગઈ છે. ટીવીના પડદે કેદ થઈ ગઈ છે ત્યારે પોતાનું ખોટું કે ખરાબ માનીને બીજામાંથી પ્રેરણા લેવાનું તત્ત્વ વધી ગયું છે, દરેક મા-બાપ જાણે કે લઘુતાથી પિડાતો હોય તેમ લાગે છે. જેથી અન્યનું અનુકરણ કરવામાંથી જ ઊચો આવતો નથી. આ અનુકરણ પોતે તો અપનાવે જ છે, પણ સાથે પોતાના બાળક પર પણ ઠોકી બેસાડે છે. બેટા આમ ન કરાય, તેમ ન કરાય, પેલો છોકરો કેવું સરસ કરે છે, તું પણ એવું કર વગેરે વગેરે...

અરે, ભાઈ, આમ ન કરાય તે શીખવો છો તો સાથે એ પણ શીખવો કે શું કરાય. આ કરાય કે ન કરાયમાં જ આપણા મૂલ્યોને આપણે જાણે કે ઈરાદાપૂર્વક ખોઈ રહ્યા છીએ. હકીકતમાં દરેક મા-બાપે વિચારવા જેવું છે કે, આપણે ભવિષ્યમાં વૃદ્ધાશ્રમમાં રહેવું છે કે બાળકો સાથે રહેવું છે. જો તમને એકલા જ રહેવું ગમતું હોય, પરદેશની જેમ બાળકોથી અલગ રહેવું ગમતું હોય તો અત્યારે આપણો સમાજ જે તરફ જઈ રહ્યો છે તેમાં ભળી જાવ. પણ જો તમે ઈચ્છતા હોવ, કે મારે મારી વૃદ્ધાવસ્થા મારા બાળકો સાથે અને તેમના બાળકો સાથે જ ગાળવી છે.

તો મહેરબાની કરીને આપણે આપણા વિચારો અને વર્તનમાં પરિવર્તન કરવું પડશે. બાળકોમાં મૂલ્યો ખીલે અને ઉમેરાય તે માટે સતત જાગૃત રહેવં પડશે. તેને સામાજિક બનાવવાના તમામ પ્રયત્નો કરવા પડશે. જો તમે સામાજિક હશો તો જ તમારું બળક સામાજિક બનશે. તને અત્યારે સ્વતંત્રતા ઈચ્છતા હશો અને બાળકને અલગ રાખીને જીવતા હશો તો તે બાળક પણ મોટું થયાં પછી તમે સિંચેલા સંસ્કાર પ્રમાણે તે પણ અલગ રહેવાનું જ છે. પછી તમે બાળકોનો દોષ ન કાઢશો. બાળકોમાં જો કોઈ દોષ પેસવા ન દેવો હોય તો તમે પણ આજે નિષ્કલંકિત બનો. તમારું બોલેલું બાળક નહીં માને, પણ તમારું કરેલું અવશ્ય પણે અપનાવશે તેને ધ્યાનમાં રાખીને શું કરવું કે ન કરવું તે વિચારો.

તમે તેને કેટલો સાંભળ્યો ? વગેરે... જો આ નહીં કરેલું હોય તો તે બાળક જયારે મોટો થશે ત્યારે તે તમારું શા માટે સાંભળે. તમારી સાથે શા માટે બેસે ? તમને ખુશ કરવા પોતાની જાત કે પ્રવૃત્તિનો શા માટે ભોગ આપે. શરુઆત તમે કરેલી છે, તમારું જોઈને જ તે શીખ્યો છે, બાવળ વાવીને કેરીની અપેક્ષા રાખશો તો કયારેય સંતોષાવાની નથી. માટે આંબા વાવવાનું આજથી જ શરુ કરી દઈએ, જેથી ભવિષ્યમાં કેરી ખાવા મળે.